ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

કડવું સત્ય...
બહુ જ ફરક પડી જાય
પછી
કંઈ જ ફરક પડતો નથી

**જન્મદિને વધામણી**



કમલેશ શાહ
ગ્રીન સિટી કુરિયર
ધ્રુવ ડિજીટલ્સ
મો. ૯૯૭૮૮ ૮૩૪૬૬



રંજનબેન તેજપાલ ગાંધી
મો. ૯૧૦૪૧ ૫૯૫૩૧



મહેશભાઈ
દેવકરણભાઈ પટેલ



આર્યા
વિનયકુમાર પરમાર

# દેશભરના આંગણવાડી કેન્દ્રોનું સંચાલન પ્રિ-નર્સરી અને નર્સરી સ્કૂલોના રૂપમાં થશે

ગાંધીનગર, તા. ૧૬

દેશભરના આંગણવાડી કેન્દ્રોનું સંચાલન હવે પ્રિ-નર્સરી અને નર્સરી સ્કૂલોના રૂપમાં થશે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જ આ બધા કેન્દ્રોને નર્સરી સ્કૂલ તરીકેની માન્યતા આપી દેશે. કેન્દ્રના માનવી સંશાધન વિકાસ મંત્રાલય અને મહિલા-બાળ વિકાસ મંત્રાલય વચ્ચે આ મુદ્દે સૈધ્ધાંતિક સમજૂતી થઈ ગઈ છે. એમ માનવામાં આવે છે કે, આગામી થોડાક જ દિવસોમાં સરકાર તેની સત્તાવાર જાહેરાત કરી શકે છે. દેશમાં અત્યારે અંદાજે ૧૭ લાખ આંગણવાડી કેન્દ્રો ચાલી રહ્યા છે. તેનું સંચાલન મહિલા-બાળ વિકાસ મંત્રાલય મારફત થઈ રહ્યું છે. તાજેતરમાં જ સ્કૂલના શિક્ષણમાં નર્સરીને સામેલ કરવામાં આવ્યા બાદ આ પ્રકિયા વધુ ઝડપી બની હતી અને આંગણવાડી કેન્દ્રોને નર્સરીની માન્યતા આપી દેવાની કવાયત શરૂ થઈ હતી.

આ કવાયતના ભાગરૂપે મંત્રાલયોએ કેટલીક રાજ્ય સરકારો સાથે ચર્ચા કરી હતી. આંગણવાડી કેન્દ્રોને નર્સરી સ્કૂલમાં ફેરવવા અંગેનો પ્રસ્તાવ આવ્યા બાદ રાજ્યો સાથે મસલતો શરૂ થઈ હતી.

અત્યારે દેશભરનાં આંગણવાડી કેન્દ્રોમાં અંદાજે ૨૭ લાખથી વધુ કર્મચારી ફરજ બજાવી રહ્યા છે. હવે આ કેન્દ્રોને નર્સરી સ્કૂલોમાં ફેરવી દેવાયા બાદ કર્મચારીઓની પણ પદોન્નતિ થઈ શકશે.

સરકાર ટૂંક સમયમાં જ આ અંગેની સત્તાવાર જાહેરાત કરશે અને દેશના આંગણવાડી કેન્દ્રોને નર્સરી સ્કૂલોમાં તબદીલ કરવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ છે.

# બિનઅનામત વર્ગને આગામી શૈક્ષણિક સત્રથી પચીસ યોજનાના લાભ અપાશે

ગાંધીનગર, તા. ૧૬

બિન અનામત વર્ગોને અનામત કક્ષાના ઉમેદવારને મળતા વિવિધ પ્રકારના લાભો જુનથી શરૂ થતા આગામી શૈક્ષણિક સત્રથી જ આપવાની દિશામાં સરકારે નક્કર કવાયત આરંભી છે. તાજેતરમાં નિમાયેલા બિન અનામત જાતિઓ માટેના નિગમની મંગળવારે યોજાયેલી મહત્વની બેઠકમાં ૨૫ જેટલી નાની-મોટી યોજનાઓને આખરી સ્વરૂપ અપાયું હતું. શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, વ્યકિતગત આર્થિક યોજનાઓ અને કૌશલ્યવર્ધન થાય તેવી રોજગારલક્ષી યોજનાઓ તાલીમની યોજનાઓને પણ કેટલાક સુધારા વધારા સાથે ચર્ચવામાં આવી હતી.

નિગમના ચેરમેન બી.એ. ઘોડાસરાએ જણાવ્યું હતું કે, નિગમ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ અર્થે ૪ ટકાના દરે સાદા વ્યાજે લોન આપવાની પણ તૈયારી કરવામાં આવી છે. તેમણે શનિવારે બોર્ડ મીટીંગ બોલાવી છે જેમાં આ બેઠકમાં ચર્ચાયેલા મુદ્દા અને લેવાયેલા નિર્ણયો બાબતે વિગતવાર પરામર્શ કરવામાં આવશે. તેના એક સપ્તાહ બાદ તેઓ રાજયના સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગને તેનો વિગતવાર અહેવાલ સુપરત કરશે. જે નાણા વિભાગ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીની મંજૂરી માટે રજૂ કરાશે. લગભગ તમામ તખ્તો તૈયાર છે. મુખ્યમંત્રીની લીલી ઝંડી મળ્યા બાદ બિન અનામત જાતિ નિગમ દ્વારા તૈયાર કરાયેલી તમામ યોજનાઓ ૧૦મી જુનથી અમલમાં આવે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે..

ચેરમેન ઘોડાસરાએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૫ જેટલી જે યોજનાઓ તૈયાર કરાઈ છે તેમાં આ બેઠકમાં કેટલાક સુધારા સૂચવાયા હતા અને આવક મર્યાદા બાબતના સૂચનો સ્વીકારાયા હતા. તેમણે નિગમના રિપોર્ટને મુખ્યત્વે ૩ વિભાગોમાં વહેંચ્યો છે. જેમાં શિક્ષણ, વ્યક્તિગત યોજનાઓ અને તાલીમનો સમાવેશ થાય છે. શિક્ષણમાં તેઓ ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, મેડીકલ-પેરામેડીકલ, એમબીએ, આઈઆઈટી જેવા ઉચ્ચ શિક્ષણને સામેલ કરશે. વિદેશમાં અને ઘરઆંગણે ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવામાં આવશે. જે ઉમેદવાર બેંકમાંથી લોન લેવાનું પસંદ કરશે તેને સબસિડી આપવામાં આવશે. ખેતીવાડીને લગતી પણ કેટલીક યોજનાઓ અમલમાં મૂકવામાં આવશે. તેમાં પણ લાભ આપવાની નિગમની તૈયારી છે.

# ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ મેના ચોથા સપ્તાહમાં જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવામાં આવેલી પરીક્ષાનું પરિણામ જાહેર થવાનું કાઉન્ટડાઉન્ટ શરૂ થઈ ચૂક્યું છે. આગામી ૨૩ મેથી ૨૮ મે સુધીમાં બોર્ડ દ્વારા ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરી દેવાશે, જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૦ મે સુધીમાં જાહેર કરાશે. ગત વર્ષે અમદાવાદ શહેરનું ૭૧.૫૨ ટકા અને અમદાવાદ ગ્રામ્યનું ૭૦.૧૩ ટકા પરિણામ આવ્યું હતું.

સમગ્ર રાજ્યમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. વિદ્યાર્થીઓને માર્કશીટ પણ પરિણામના દિવસે જ મળી જાય તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરાઈ છે. ગત વર્ષે પરિણામમાં ૭૯.૨૭ ટકા સાથે સુરત જિલ્લો અગ્રેસર રહ્યો હતો.

૨૯ મે-સોમવારે વર્ષ ૨૦૧૭નું પરિણામ જાહેર કરાયું હતું. આ વર્ષે તેનાથી ત્રણેક દિવસ વહેલું પરિણામ જાહેર થવાની શક્યતા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આવતી કાલે પ્રિન્ટિંગ અને કમ્પ્યૂટર વિભાગ સાથે પરીક્ષા સચિવ અને બોર્ડના અધિકારીઓની એક મિટિંગ ગાંધીનગર ખાતે મળશે.

આ મિટિંગમાં પ્રિન્ટિંગ-માર્કશીટ અંગેનું કેટલું કામ બાકી છે, ક્યારે માર્કશીટ જે તે જિલ્લા કેન્દ્રમાં ડિસ્પેચ થઈને પહોંચી જશે વગેરે બાબતોની ચર્ચા કરાશે.

## રાજ્યમાં ગરમીનો કહેર : દરરોજ ૨૫થી ૩૦ લોકો બેભાન થાય છે

ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમીનો કહેર છેલ્લા છ દિવસથી યથાવત્ છે. આકાશી અગનવર્ષા વચ્ચે જેમને ફરજિયાત બહાર નીકળવું પડ્યું છે તેવા લોકોને બીમારીના કારણે ઈમર્જન્સીની સેવા લેવી પડી છે. છેલ્લા બે દિવસમાં અમદાવાદમાં ૩૨૦થી વધુ લોકોને ૧૦૮ ઈમર્જન્સી સેવાનો સહારો લેવો પડ્યો છે, જેમાં બે દિવસની અંદર ૭૨ લોકો ગરમીના કારણે બેભાન થયા હતા.

ગરમીનો પારો સતત વધી રહ્યો છે ત્યારે પેટનો દુખાવો, બીપી, છાતીમાં દુખાવો, બેભાન થવું, પડી જવું, ઊલટીઓ થવી વગેરે કેસની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લા છ દિવસ દરમ્યાન ઈમર્જન્સી સેવા ૧૦૮ને શહેરમાંથી ૯૬૪થી વધુ કોલ મળ્યા હતા અને રાજ્યમાં છેલ્લા બે દિવસમાં ૧૨૫૦થી વધુ લોકોએ ઈમર્જન્સી સેવાનો લાભ લીધો હતો. ૯ મેના રોજ આવા કેસની સંખ્યા ૧૭૮ હતી, જે ૧૦મીએ ઘટીને ૧૧૮ થઈ હતી. ત્યારબાદ ૧૧ મેના રોજ આ સંખ્યા વધીને ૧૭૦, ૧૨ મેએ ૧૬૧, ૧૩મીએ ૧૮૭ અને ગઈ કાલે ૧૩૩ નોંધાઈ હતી. ૪૧ને ચક્કર આવવા અને ૮૩ લોકોને પેટમાં દુખાવા જેવાં દર્દ થયાં હતાં તેમજ છાતીમાં દુઃખાવાના ૪૩ કેસ નોંધાયા હતા. ૫૦થી વધુ કેસ બે દિવસમાં જ ઈમર્જન્સીમાં ઝાડા-ઊલટીના નોંધાયા હતા, જ્યારે છેલ્લા છ દિવસમાં ૧૭૬થી વધુ લોકો મૂર્છિત થયા હતા.

### વેકેશન એટલે વિકાસની તક

# સદ્વિચાર પરિવાર દ્વારા વિશેષ તાલીમ શિબિર

**‘સદ્વિચાર પરિવાર‘ છ દાયકા કરતાં વધુ સમયથી તકવંચિત અને જરૂરિયાતવાળાં મહિલા, બાળકો, દિવ્યાંગો અને વૃદ્ધો માટે વિવિધલક્ષી કાર્યક્રમોનું આયોજન**

ગાંધીનગર, તા. ૧૬

આજથી બે કે ત્રણ દાયકા પહેલા શાળા-કોલેજના વેકેશન એટલે મામા અથવા દાદાને ત્યાં જવાનું અને નચિંત થઈ માત્ર અને માત્ર મજા કરવાની રહેતી. બદલાતા સમય સાથે વેકેશનની પરિભાષા બદલાતી ગઈ. સમાજનો એક વર્ગ એવો પણ છે જે વેકેશનમાં કોઈ સારા હિલ-સ્ટેશન અથવા વિદેશ યાત્રાએ જઈ પરિવાર સાથે સમય પસાર કરે છે. જોકે દરેક ક્ષેત્રમાં વધતી જતી સ્પર્ધાત્મકતાને જોતાં દરેક બાળકના માતા-પિતા હવે વેકેશનમાં વિવિધ તાલીમો લઈ પોતાના બાળકને દરેક ક્ષેત્રમાં કુશાગ્ર બનાવવા ઈચ્છે છે. આમ આજના યુગમાં વેકેશન એટલે રમતગમત અને મોજમજા માત્ર નહિ પણ નવી પરિભાષા મુજબ વેકેશન એટલે નવું કૌશલ્ય કેળવવાની અને વિકાસની તક.

શાળા અને કોલેજની અલ્લડ જિંદગીમાંથી કારકિર્દીમાં ડગ માંડતા જીવનના એક નવા અધ્યાયમાં પ્રવેશતા જવાનો જવાબદારીઓ ઉપાડતા જવાનો અવસર. આ અત્યંત નાજુક સમયગાળો સમગ્ર જીવનનું ભાવિ નક્કી કરે છે. આપણી અધકચરી શિક્ષણ વ્યવસ્થા, ગળાકાપ હરિફાઈ યુવાનોને ઘણીવાર નિરાશાવાદી બનાવતા જાય છે. તેમને પોતાના કૌશલ્ય, આવડત વિશે સભાન કરવાનો તથા તેના થકી સંભવિત વિપુલ તકોનો યોગ્ય ચિતાર આપવામાં આવે તો તેઓ જીવનને એક અનોખા અને હકારાત્મક અભિગમથી જોતા શીખે અને એક જવાબદાર નાગરિક તરીકે પરિવાર, સમાજ અને દેશ માટે યથાશક્તિ યોગદાન આપતા થાય. સેટેલાઈટનું ‘સદ્વિચાર પરિવાર‘ છ દાયકા કરતાં વધુ સમયથી તકવંચિત અને જરૂરિયાતવાળા મહિલા, બાળકો, દિવ્યાંગો અને વૃદ્ધો માટે વિવિધલક્ષી કાર્યક્રમોનું આયોજન કરે છે. આ વર્ષે ૧૭–૨૫ વર્ષના યુવક-યુવતીઓ માટે છ દિવસીય વિશેષ તાલીમ શિબિર દ્વારા ઉપરોક્ત મુદ્દાઓને સ્પર્શવાનો પ્રયાસ કર્યો છે જે દ્વારા વેકેશન દરમિયાન આ યુવક, યુવતીઓ પોતાની આંતરિક ક્ષમતાને જાણી શકે.

# કમ્પ્યૂટરની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓને ટ્રીપલ સીની પરીક્ષામાંથી મુક્તિ આપવાનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૬

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી સીધી ભરતીમાં નિમણૂક પામતા કર્મચારીઓને સીસીસીની પરીક્ષા પાસ કરવી પડતી હોય છે. જેમાં ઉચ્ચ અભ્યાસમાં કમ્પ્યૂટરનો કોર્સ કર્યો હોવા છતાં નિમણૂક પામનારા કર્મચારીઓ માટે પણ આ પરીક્ષા લેવામાં આવતી હતી. જોકે, હવે કમ્પ્યૂટરની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓને સીસીસીની પરીક્ષામાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેવાયો છે અને આ અંગે સત્તાવાર ઠરાવ કરી દેવાયો છે. સરકારના આ નિર્ણયથી અનેક કર્મચારીઓ કે જેમણે ઉચ્ચ અભ્યાસમાં કમ્પ્યૂટરનો કોર્સ કર્યો હોય પરંતુ સીસીસી પાસ ન કરવાના કારણે બઢતી અટકી હોય તેમની બઢતી ઝડપથી થશે.

સરકારની ભરતીમાં કર્મચારીઓ માટે કમ્પ્યૂટરના જ્ઞાન માટેની સીસીસી પરીક્ષા પાસ કરવાની ફરજિયાત કરવામાં આવેલી છે. ઉપરાંત, જે કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે તેમને પણ બઢતી માટે સીસીસીની પરીક્ષા પાસ કરવા માટે સૂચના છે. જોકે, ઉચ્ચ અભ્યાસમાં કમ્પ્યૂટરનો કોર્સ કર્યો હોવા છતાં આવા કર્મચારીઓને પણ નિમણૂક અથવા બઢતી માટે સીસીસીની પરીક્ષા પાસ કરવી પડતી હતી. જોકે, તેમણે ઉચ્ચ અભ્યાસમાં કમ્પ્યૂટરનો કોર્સ કર્યો હોવાથી તેમને સીસીસીમાંથી મુકિત આપવામાં આવે તેવી માગણી ઊઠી હતી.

આ દરમિયાન સરકાર દ્વારા ‘બેચલર ઓફ એન્જિનિયરિંગ ઈન ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન‘ તથા ‘પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એપ્લિકેશન‘ની ડિગ્રી ધરાવતા ઉમેદવારોને સીસીસીની પરીક્ષામાંથી મુક્તિ આપતો નિર્ણય લીધો છે. જેથી આ કોર્સ કરનારા ઉમેદવારોને હવે સીસીસીની પરીક્ષા આપવાના રહેશે નહીં. સરકારના આ નિર્ણયથી અનેક ઉમેદવારો-કર્મચારીઓને ફાયદો થશે.

## દિવ્યાંગો માટે કોલેજ સ્થાપવાની અરજી પર ઉદારતાથી વિચાર કરવો જોઈએ : હાઈ કોર્ટ

**મુંબઈ હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી**

મુંબઈ, તા.૧૬

બોલવાની અને સાંભળવાની તકલીફ હોય એવા ‘દિવ્યાંગ’ વિદ્યાર્થીઓ માટે કોલેજની સ્થાપના કરવાના પુણેસ્થિત એક ટ્રસ્ટના પ્રસ્તાવને ફગાવી દેવા માટે મુંબઈ હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે આ પ્રકારની અરજીઓ પર ગંભીરતાથી અને ઉદારતાથી વિચાર કરવાની જરૂર છે.

દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે કોલેજની સ્થાપના કરવાના પ્રસ્તાવને ફગાવી દેતા રાજ્ય સરકારના આદેશને પડકારતી પુણેના સદ્ગુરુ સાઈબાબા સેવા ટ્રસ્ટની અરજીની સુનાવણી દરમિયાન મુંબઈ હાઈ કોર્ટે ઉક્ત નિવેદન કર્યું હતું. આવી સંસ્થાઓ શરૂ કરવા માટે સરકારી પરિપત્ર (જીઆર) અનુસાર પાંચ વર્ષ માટે રૂ. સાત લાખની ડિપોઝિટ રાખવી ફરજિયાત હોય છે અને તેમાં ટ્રસ્ટ નિષ્ફળ રહેવાને કારણે તેનો પ્રસ્તાવ ફગાવી દેવામાં આવ્યો હતો, એમ અરજીમાં જણાવાયું હતું.

# વહાલની સાથે સંતાનને વિષમતાનો પરિચય કરાવનાર ‘મા’ જીવનસંગ્રામ માટે એક સજ્જ યોદ્ધો તૈયાર કરે છે

## મા માટે ઉજવાયેલા ‘મધર્સ ડે’ નિમિત્તે વંદન સૌ માતાઓને અને એના અસીમ માતૃત્વને



**અબીલ-ગુલાલ**
**મમતા રાવલ**

આજે જ્યારે હું આ લખી રહી છું...૧૩ મે, રવિવાર, મે મહિનાનો બીજો રવિવાર પશ્ચિમી સંસ્કૃતિમાં ‘મધર્સ ડે’ તરીકે નામકરણ પામ્યો છે. જે સંસ્કૃતિમાં પરંપરા જેવું કંઈ છે જ નહીં ત્યાં ચોક્કસ આવા દિવસો જ કંઈક ઉત્સાહનો સંચાર કરતા હશે. પરંતુ હવે આપણે, આ બાબતમાં પણ એનું અનુસરણ કરીએ છીએ....સારું જ છે. ‘મા’ માટે કંઇ પણ કરીએ ઓછું જ છે...

દુનિયા પર હયાત પ્રત્યેક વ્યક્તિ ‘મા’ ના માધ્યમથી જ દુનિયા પર અવતરી છે. મહાપુરુષ કે મહાદુષ્ટ દરેકને ‘મા’ છે. એ જનેતા સરોગેટ મધર પણ હોઈ શકે છે, અથવા અનિચ્છિત સંતાન તરીકે બાળકને તરછોડનારી કે વાત્સલ્યથી ભરપૂર માતા પણ હોઈ શકે છે. દાંપત્યજીવનના પરિપાકરૂપ અવતરનાર બાળક જનની પામે છે. ‘મા’ એ દરેક વ્યક્તિ માટે દિલની સૌથી નજીક એવા સંબંધનું નામ છે.

**‘મા’ દ્વારા યોગ્ય માનસિક માવજતથી બાળક અસામાન્ય સિદ્ધિઓ હાંસલ કરી શકે છે. મા દ્વારા આપવામાં આવેલી સારી આદતોથી બાળક સર્વસ્વિકૃત્તિ પામે છે. વડીલો અને ગુરૂના સન્માનના મા ના સૂચનને અનુસરતા બાળક દરેક સંબંધનું સન્માન કરતાં શીખે છે અને એક નમ્ર-સન્માનનીય વ્યક્તિ તરીકે ખ્યાતિ મેળવે છે. સર્વોચ્ચ સ્થાને બીરાજતા પ્રભુ પ્રત્યે મા ની આસ્થા બાળકમાં આશા અને વિશ્વાસ જેવા મહામૂલા સંસ્કાર બીજનું આરોપણ કરે છે. દરેક બાળક માટે બાળપણમાં મા ભગવાનના સ્થાને હોય છે. આવું આ પરમ શ્રદ્ધેય સ્થાન, જીવનપર્યંત જાળવી રાખવું એ ‘મા’ બનવા સાથે જ આવતો મોટો પડકાર છે.**

પરંતુ, આ ‘મા’ નો ચહેરો આજના સમયમાં ખૂબ ચેરાયો છે એ કોઈપણ સંવેદનશીલ વ્યક્તિ માટે અસહ્ય બને એવી વાત છે. સરોગેટ મધર, એ સંતાન ઉત્સુક સ્ત્રી માટે ખૂબ આશીર્વાદરૂપ વ્યવસ્થા હતી અને છે. પરંતુ એમાં પણ લાલસા અને શોષણ જેવા તત્વોથી સરકારને આ સંદર્ભે ફેરવિચારણા કરી બંધનો લાદવાની ફરજ પડી છે. ‘મા’ ની કૂખના વેપલા થાય... કેવી કરૂણતા !!! સાવ કુમળા, નાજૂક ફૂલ જેવાં તાજા જન્મેલાં બચ્ચાને તરછોડતી ‘મા’ નવા જમાનાની દર્દનાક વિષમતા છે. આ બધું જ છે, પરંતુ એની સામે પોતાના બાળક માટે જાન લૂંટાવી દેતી ‘મા’ ના ઉદાહરણોથી આ દુનિયાના સારા ભવિષ્ય તરફ મીટ મંડાયેલી છે.

‘મા’ નું બિરૂદ પામેલી સ્ત્રીનું મન પરમ સંતોષની ચરમસીમા અનુભવે છે. આ લાગણી માટે આટલા શબ્દો પૂરતા નથી. આ એવી અદભૂત અને અવર્ણનીય અવસ્થા છે જેને જગતમાં સ્ત્રી સિવાય કોઈ કલ્પી ન શકે. પુરુષ આખું જીવન અલગ-અલગ રીતે લાગણીઓમાં સંતોષ અનુભવવાની કે પામવાની કોશિશ કરે છે, સ્ત્રીને માત્ર એક બિરુદમાં એ મળી જાય છે. સ્ત્રીએ જીવનમાં સહેવી પડતી અનેક વિટંબણામાં આ એક એવો મોટો પ્રભુનો આશીર્વાદ છે જેના થકી સ્ત્રી, સમગ્ર જીવન ખેડી નાંખે છે, દુનિયાની દરેક માતાને સાદર નમસ્કાર અને પ્રણામ પાઠવું છું.

આટલું પામ્યા પછી ‘મા’ ની ફરજ છે પોતાના જનની સ્વરૂપને સતત સભાનતાપૂર્વક નિભાવવાની. પોતાના દ્વારા જેણે સુષ્ટિ પર જન્મ લીધો છે એ બાળકને જીવનના દરેક તબક્કે સાથ આપવાની, એને સંભાળવાની. આ ‘સંભાળ’ શબ્દનો ખૂબ ટૂંકો અર્થ આજના સમયમાં કરવામાં આવે છે. સંતાન માટે જમવાની-ભણવાની કે કપડાંની વ્યવસ્થા કરવા ઉપરાંત જે પણ કરવામાં આવે એને ‘સંભાળવું’ કહે છે. બાળકની બેગ ઉપાડીને સ્કુલે લેવા-મુકવા ન જઈએ તો ચાલશે...હોટલમાં જમાડવા ન લઈ જઈએ તો ચાલશે... બ્રાન્ડેડ કપડાં કે બુટ-ચંપલ વિના પણ ચાલશે...પણ સંતાન સાથે માતાની હકારાત્મક અંગતતા-મિત્રતા એના વ્યક્તિત્વ ઘડતરમાં મોટો ભાગ ભજવે છે. ‘મા’ દ્વારા યોગ્ય માનસિક માવજતથી બાળક અસામાન્ય સિદ્ધિઓ હાંસલ કરી શકે છે. મા દ્વારા આપવામાં આવેલી સારી આદતોથી બાળક સર્વસ્વિકૃત્તિ પામે છે. વડીલો અને ગુરૂના સન્માનના મા ના સૂચનને અનુસરતા બાળક દરેક સંબંધનું સન્માન કરતાં શીખે છે અને એક નમ્ર-સન્માનનીય વ્યક્તિ તરીકે ખ્યાતિ મેળવે છે. સર્વોચ્ચ સ્થાને બીરાજતા પ્રભુ પ્રત્યે મા ની આસ્થા બાળકમાં આશા અને વિશ્વાસ જેવા મહામૂલા સંસ્કાર બીજનું આરોપણ કરે છે. દરેક બાળક માટે બાળપણમાં મા ભગવાનના સ્થાને હોય છે. આવું આ પરમ શ્રદ્ધેય સ્થાન, જીવનપર્યંત જાળવી રાખવું એ ‘મા’ બનવા સાથે જ આવતો મોટો પડકાર છે. દરેક બાળક ‘મા’ ને, ફૂલની જેમ કોમળ, પરી જેમ સુંદર અને સૂર્ય જેમ તેજસ્વી ઈચ્છે છે. બાળકની આ કલ્પનાને પૂરી કરી શકે તો કદાચ સ્ત્રી પણ એના સ્ત્રીત્વની પરમકક્ષાએ હોવાની અનુભૂતિ પામી શકે. બાળકના દરેક સવાલ, દરેક મૂંઝવણ અને દરેક મુશ્કેલીનો હલ કાઢવા મા હંમેશા બેતાબ હોય છે જ, પરંતુ આ હલ એ કયા માધ્યમથી અને કેવી રીતે લાવે છે એ પણ બાળક માટે એક પરોક્ષ લેસન જ બની રહે છે. અઘરો પણ આદર્શ રસ્તો અપાવનારી મા સમાજ માટે એક ઉદાહરણરૂપ વ્યક્તિ અને દેશને એક સંનિષ્ઠ નાગરિકની ભેટ ધરે છે. ઈતિહાસમાં એવી ઘણી માતાઓના ઉલ્લેખ આપણે સાંભળ્યા અને વાંચ્યા છે.

**દરેક બાળક ‘મા’ને ફૂલની જેમ કોમળ, પરી જેમ સુંદર અને સૂર્ય જેમ તેજસ્વી ઈચ્છે છે. બાળકની આ કલ્પનાને પૂરી કરી શકે તો કદાચ સ્ત્રી પણ એના સ્ત્રીત્વની પરમકક્ષાએ હોવાની અનુભૂતિ પામી શકે. બાળકના દરેક સવાલ, દરેક મૂંઝવણ અને દરેક મુશ્કેલીનો હલ કાઢવા મા હંમેશા બેતાબ હોય છે જ, પરંતુ આ હલ એ કયા માધ્યમથી અને કેવી રીતે લાવે છે એ પણ બાળક માટે એક પરોક્ષ લેસન જ બની રહે છે. અઘરો પણ આદર્શ રસ્તો અપાવનારી મા સમાજ માટે એક ઉદાહરણરૂપ વ્યક્તિ અને દેશને એક સંનિષ્ઠ નાગરિકની ભેટ ધરે છે.**

જીવનના અનેક પડાવોમાંથી પસાર થતી, ઊતાર-ચઢાવ સામે ઝઝૂમતી ‘મા’ અનેકવાર અનુભવે છે કે, આટલી અપેક્ષા મારી પાસે કેમ ? એનો એક જ જવાબ હોઈ શકે કે ભગવાને આપણને ‘મા’ નો દરજ્જો આપ્યો છે. ‘મા’ બનવું ભલે કદાચ વૈજ્ઞાનિક કારણો આધારિત હશે પરંતુ ‘મા’ બન્યા પછી એ માત્ર અને માત્ર આધ્યાત્મિક અનુભૂતિ અને મનોવૈજ્ઞાનિક સજ્જતાની પરીક્ષા હોય છે. કલેશ-કંકાસ વખતે ઘણીવાર બાળકો વિશે પ્રયોજાતા અયોગ્ય શબ્દો બાળકના માનસ પર ગંભીર અસર ઉપજાવે છે. પોતાની જાત પ્રત્યે સન્માન ગુમાવી દેનાર બાળક કુટુંબ અને સમાજ પર બોજો બની જાય છે.

‘મા’ પોતાના બાળકને ગમે તે ઉંમરે પોતાના બે હાથ વચ્ચે સમાવી લેવા ઉત્સુક હોય છે. એનું રૂંવાડે-રૂંવાડેથી છલકાતું માતૃત્વ-વ્હાલ સંતાનને શીતળતા અને સથવારાનો અહેસાસ આપે છે. આ સાથે મા જિંદગીનો તાપ સહેવા બાળકને તૈયાર કરી શકે છે. વ્હાલની સાથે સંતાનને વિષમતાનો પરિચય કરાવનાર ‘મા’ જીવનસંગ્રામ માટે એક સજ્જ યોદ્ધો તૈયાર કરે છે, એને માટે એણે બાળક સાથે થોડી રુક્ષતા દાખવવી પડે છે. પરંતુ આ રુક્ષતા ભવિષ્યમાં ‘મા’ પ્રત્યે બાળકને અનેકગણાં સન્માનમાં પરાવર્તિત થઈને પરત મળે છે, જે જીવનનો સૌથી મોટો પુરસ્કાર બની રહે છે.

વંદન સૌ માતાઓને અને એના અસીમ માતૃત્વને...

